મનમોજીની દુકાન

આ જંગલની એક દુકાન છે. મનમોજી ફક્ત દસ અને સોનાં પડીકાં (પૅકેટ)માં જ સામાન આપે છે. દસથી ઓછી હોય ત્યારે છૂટક વસ્તુઓ આપે છે.

દરેક પ્રાણી સો-સોનાં, દસ-દસનાં અને એક-એકનાં કેટલાં પડીકાં (પૅકેટ) લઈ જશે તે શોધો અને ખાલી જગા પૂરો.

		સોનું પૅકેટ	દસનાં પૅકેટ	છૂટક વસ્તુ
	૧૪૩			
	૨૧૦	____	____	____
	૨૪૨	____	____	____
	૫૫૨	____	____	____

મનમોજીની પૈસા લેવાની રીત પણ મનમોજી છે. તે ફક્ત નોટો, નોટો અને સિક્કામાં જ પૈસા લે છે. હવે શોધી કાઢો કે તેમણે (પ્રાણીઓએ) જે લીધું છે તેના બદલામાં તેઓ કેવી રીતે (પૈસા) ચૂકવશે?



₹ ૪૨૦



₹ ૧૪૩



₹ ૨૪૨



₹ ૫૫

હું કોણ છું? સંખ્યા સાથે જોડો.

(૧) હું ૪૦ અને ૫૦ ની વચ્ચે આવું છું અને મને લખવામાં ૫ આવે છે.	૯૬
(૨) મને લખવામાં ૯ આવે છે અને હું ૯૦ની ઘણો નજીક છું.	૧૫૦
(૩) મારા પછી તમે યોગ્ગો (૪) મારો, તો તમે સદી કરી શકો.	૪૫
(૪) હું ૧૦ની દસ નોટો જેટલો છું.	૮૯
(૫) હું સદી + અડધી સદી છું.	૮૭
(૬) હું ૭૭ અને ૯૭ની બરાબર વચ્ચે છું.	૧૦૦

આ પ્રકરણમાં દશઅંકી પદ્ધતિ સમજવા માટે ઘણી વાર્તાઓ અને મહાવરા આપવામાં આવ્યા છે જે બાળકોને મદદરૂપ બનશે. સ્થાન-કિંમત કે જે બાળકોને મૂંઝવે છે તેનો ઉપયોગ નથી કર્યો. શિક્ષક સ્થાનિક પરિસ્થિતિ અનુરૂપ શક્ય હોય તો સંખ્યાજ્ઞાનની અન્ય પદ્ધતિ શોધી શકે. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં કામ કરતાં હોય ત્યારે.

આ કેટલા છે?

________ રૂપિયા



________ સળીઓ



________ બ્લૉક



________ મણકા

________ રૂપિયા



હું કોણ છું ?
નથી કોઈ સૌથી મોટી સંખ્યા
ગમે તે લઈ લો સંખ્યા
ઉમેરો મને તો મળે પછીની સંખ્યા
યાદ રાખો મને જો ગણવી હોય સંખ્યા



ચાંદામામા તેમના ચમકતા મિત્રોને ગણે છે

મેં એક તારો ગણ્યો અને એક ૧ કાર્ડ મારા ગજવામાં મૂક્યું.

એક તારા માટે ૧ બે તારા માટે ૧ ૧

૧ ૧ ૧ ૧ ૧ આ કાર્ડ કેટલા તારા માટે? __________

જ્યારે મારી પાસે આવા દસ કાર્ડ ભેગાં થયાં ત્યારે મેં તેને ૧૦ ના આ એક કાર્ડ સાથે બદલી કર્યા.

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ → ૧૦

પરંતુ મારા મિત્રોએ આવવાનું ચાલુ જ રાખ્યું. તેથી મારે વધારે પ્રમાણમાં તારા ગણવા પડ્યા. મારાં ગજવાં ભરાઈ જવા આવ્યા, તેથી જ્યારે મારી પાસે ૧૦ આવાં દસ કાર્ડ ભેગાં થયાં ત્યારે મેં ૧૦૦ આવા એક કાર્ડ સાથે બદલી કર્યા.

૧૦ ૧૦ ૧૦ ૧૦ ૧૦
૧૦ ૧૦ ૧૦ ૧૦ ૧૦ → ૧૦૦

પરંતુ મારે ખૂબ વધારે મિત્રો, એટલા બધા વધારે કે જેથી કરીને મારાં ગજવાં ભરાઈ જવાં આવ્યાં. હવે જુઓ કે મારી પાસે કેટલાં કાર્ડ હતાં?

જો મેં નીચે દર્શાવ્યા પ્રમાણે ગણતરી કરી, તો મારા ગજવામાં કયાં કાર્ડ હશે?

(૧) ૧૯ ⟶ 

(૨) ૨૧ ⟶

(૩) ૯૫ ⟶

(૪) ૨૦૧ ⟶ 

(૫) ૨૬૦ ⟶

(૬) ૩૦૦ ⟶

(૭) ૩૦૬ ⟶

(૮) ૩૪૪ ⟶

(૯) ૩૫૦ ⟶

(૧૦) ૪૦૦ ⟶

જ્યારે મારી પાસે ૧૦ ૧૦ કાર્ડ ગજવામાં હતાં ત્યારે, મને ખબર પડી કે મેં ૨૦ તારા ગણ્યા છે. હવે દરેક કિસ્સામાં ગણેલા તારાઓની સંખ્યા મને કહો. તમારો જવાબ ખાલી જગામાં લખો.







એકંદરે મારે કેટલા ચમકતા મિત્રો હશે તેનું અનુમાન કરો....!!!

૩ આપો અને લો

હું કિટ્ટુ છું. આ મારું ઘર છે. શું તે મોટું નથી? તેમાં ૧૦૦ ઓરડા (રૂમ) છે. તેમાંના કેટલાક ઓરડામાં રંગ કરવામાં મને મદદ કરો.



૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦
૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦
૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

હું ૨ નંબરના ઓરડાથી શરૂઆત કરું છું. હું ૧૨ નંબરના ઓરડામાં પહોંચવા અને તેને રંગ કરવા માટે ૨માં ૧૦ ઉમેરું છું. ૨માં ૧૦ ઉમેરવા માટે આપણે જમણી બાજુ સીધા ૧૦ સુધી જઈ શકીએ છીએ પછી ૧૧ સુધી અને જમણી બાજુ એક પગલું (સ્ટેપ) ૧૨ તરફ. ૨ થી ૧૨ સુધી જવાનો આ એક રસ્તો છે. આમાં કોઈ ટૂંકો રસ્તો છે? હા જરૂર! મને અનુસરો.

આપણે એક હાર સુધી કૂદકો મારી શકીએ.

૨ થી ૧૨ સુધીનો કૂદકો એ ______ પગલાં લીધાં બરાબર થાય.

હવે ૧૪ ઉપરથી એક કૂદકો મારવાનો પ્રયત્ન કરો.

૧૪ + ૧૦ = ૨૪

આ ઓરડો રંગો.



૨૨માંથી ૪૧ સુધી હું કેવી રીતે જઈશ?

૨૨માંથી ૪૨ સુધી બે કૂદકા મારો પછી ડાબી બાજુ એક પગલું ખસો. આપણે તેને આ રીતે લખી શકીએ.



૨૨ + ૨૦ = ૪૨

૪૨ - ૧ = ૪૧

હું કુલ કેટલાં પગલાં ગયો? __________

તમે આ રસ્તે પણ જઈ શકો.

૨૨ પરથી ડાબી બાજુ ૨૧ સુધી એક પગલું ખસો. પછી બે કૂદકા ૪૧ સુધી.



૨૨ - ૧ = ૨૧

૨૧ + ૨૦ = ૪૧

કિટ્ટુના ઘર પરથી નીચેના માટે પ્રયત્ન કરો :

(૧) ૩૪થી ૧૦ ઓછા એટલે __________

(૨) ૫૩ - ૨૦ = __________

(૩) ૩૧થી ૧૧ વધારે એટલે __________

(૪) ૬૬થી ૧૧ ઓછા એટલે __________

(૫) ૬૨ + ૧૩ = __________

(૬) ૮૯થી ૨૩ ઓછા એટલે __________

(૭) ૧૦ અને ૪૦ વધારે એટલે __________



બે અંકોનાં સરવાળા અને બાદબાકી કરવામાં ૧૦ × ૧૦ અંકોનો કોઠો શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગી છે. આ કોઠાનો શક્ય તેટલી વાર ઉપયોગ કરીને મૌખિક રીતે આ પ્રક્રિયાનો ઉપયોગ કરવા માટે બાળકોને પ્રોત્સાહિત કરવાં જોઈએ.

(૮) ૨૮માં ૯ ઉમેરતાં ______________ થાય.

(૯) ૯ અને ૪૪નો સરવાળો ______________ થાય.

(૧૦) ૯૮માંથી ૩૪ બાદ કરતાં ______________ થાય.

(૧૧) ૪ અને વધારાના ૩૭ ______________ થાય.

(૧૨) ૮૩માંથી ૩૫ લઈ લેતાં આપણને ______________ મળે.

મારો ખોરાક શોધો

મિત્રો! મારી પાસે તમારા માટે હજુ વધારે રસપ્રદ છે. માએ મને કહ્યું કે કેટલાક ઓરડાઓમાં ખાવાની વસ્તુઓ છે. તે ઓરડાઓના નંબર શોધવામાં મને મદદ કરો. મારા ઘરમાં તેમની નિશાની કરો. જુઓ તમને શું મળે છે?



૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦
૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦
૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

ઉદાહરણ તરીકે, ૪૭ = ૩૭ + ૧૦

૩૭ + ૯ = ☐

આ કરવા માટે કોઈ ટૂંકો રસ્તો છે?



૬૫ – ૩૦ = ☐

૪૬ + ૨૦ પ્રથમ કરવાથી તે વધુ સરળ થશે?

☐ = ૪૬ + ૨૧



તેવી જ રીતે આ કેવી રીતે કરશો?

☐ = ૮૭ – ૩૦

૬૬ – ☐ = ૧૧

૩૬ = ☐ + ૯

૪૫ + ☐ = ૯૯

૪૦ + ☐ = ૭૬

☐ + ૨૬ = ૭૫

૯૮ = ☐ + ૫૦

☐ – ૨૧ = ૩૫

૫૭ – ☐ = ૨૦